૭

ટ્રાન્સજેન્ડર (વ્યંઢળ / કિન્નર) જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં સુધારો કરવા બાબત. (ધોરણ-૭ થી ધોરણ-૧૦ સુધી)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯(૧)/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૯/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૯/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક:-અપગ/ ૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯/છ.૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૪/૦૫/૨૦૨૧ નો પત્ર ક્રમાંક.સસુખા/બલભ/ટીજી/ શિષ્યવૃતિ/ઠરાવ/સુધારો/૩૨૫/૨૧-૨૨.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના ઠરાવથી વ્યંઢળ / કિન્નર જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં જોગવાઈઓ, લાભાર્થીની પાત્રતાના માપદંડ, લાભાર્થીએ રજુ કરવાના પ્રમાણપત્રો તથા અરજી ફોર્મ નિયત કરવામાં આવેલ છે, જેમાં સુધારો કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૨) ઉપરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## સુધારા ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વ્યંઢળ / કિન્નર જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ આપવાની યોજનાના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના ઠરાવમાં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

આ યોજનાનું નામ "ટ્રાન્સજેન્ડર જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ આપવાની યોજના" રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના ઠરાવના મુદ્દા નં. ૮ માં અરજી કરવાની પધ્ધતિના પેટા મુદ્દા નં.૧(ક) માં "માતા-પિતા/વાલીઓ દ્વારા સહી કરેલી જાહેરાત કે તે બાળકમાં કયા જાતિ સંબંધિત વિચિત્રતાનાં લક્ષણો જણાય છે." તેની જગ્યાએ "ટ્રાન્સજેન્ડર જાતિ અંગેનું જિલ્લા મેજીસ્ટ્રેટનું પ્રમાણપત્ર" એમ વાંચવાનું રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના ઠરાવ સાથેનું આવકનું પ્રમાણપત્ર અંગેનું પરિશિષ્ટ-૩ રદ કરી, તેની જગ્યાએ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ કલેક્ટર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તલાટી પાસેથી મેળવેલ આવકનું પ્રમાણપત્ર તેમજ અનાથાશ્રમો/આશ્રયગૃહો કે તેના જેવી કોઈ સંસ્થાઓમાં જો ટ્રાન્સજેન્ડર રહેતાં હોય તો તેઓએ કલેક્ટર કે સંબંધિત સંસ્થાના વડાનું આવકનું પ્રમાણપત્ર મેળવી જોડવાનું રહેશે. ઉક્ત પ્રમાણપત્ર અરજદારના માતા-પિતા/વાલીની તમામ સ્ત્રોતોની આવકને ધ્યાને રાખીને આપવાનું રહેશે.

આ યોજનાનો અમલ સંબંધકર્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ કરવાનો રહેશે. ઠરાવમાં નિયત કરાયેલ શરતો અને જોગવાઈઓ પ્રમાણે લાભાર્થી લાભ મેળવવાને પાત્ર છે કે કેમ ? તેની પુરેપુરી ચકાસણી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ કરી, અરજીઓ મંજૂર/નામંજૂર કરી ચુકવવાપાત્ર અરજદારોને સહાય ચુકવવાની રહેશે.

આ યોજનાનું સુધારેલ ફોર્મ આ સાથે સામેલ છે, જેમાં અરજદારે અરજી કરવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના ઠરાવની અન્ય તમામ શરતો / વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ,સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ. ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ..
- શાખા સિલેક્ટ ફાઇલ.

વિના મૂલ્યે

**ધોરણ-૭ થી ૧૦ (પ્રિ-મેટ્રીક)માં અભ્યાસ કરતાં ટ્રાન્સજેન્ડર જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના - કુલ-૧૦ માસ માટે**

શાળાનું નામ : ....................................

સરનામું : ..........................................

........................................................

ટેલીફોન નંબર : ................................

સિક્કો :

પ્રતિ,

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી,

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,

જિ.

.................................................................................................. આચાર્ય/મુખ્ય શિક્ષક મારફતે સાદર,

શ્રીમાન,

હું ટ્રાન્સજેન્ડર જાતિના વિધાર્થીઓ માટેની યોજનાની શિષ્યવૃત્તિ માટે અરજી છાપેલા પત્રકમાં મારી શાળા/કોલેજના આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રી મારફતે આથી રજુ કરૂ છું.

હું જેનો અભ્યાસ કરવા ઇચ્છું છું તે અભ્યાસક્રમ .................................................................. નો છે અને તેના માટે .................................................................................. શાળા/કોલેજ/સંસ્થામાં જોડાયો છે. હું આ શિષ્યવૃત્તિના નિયમોનું પાલન કરીશ. જ્યાં સુધી મને ઉક્ત શિષ્યવૃત્તિ મળશે ત્યાં સુધી હું જો કોઇ કામ સ્વીકારીશ અથવા બીજી કોઇ શિષ્યવૃત્તિ મળશે અથવા મને નિયમિત નિવાસી વિધાર્થી તરીકેની સરકારી શાળામાં પ્રવેશ મળશે તો હું સમાજ સુરક્ષા નિયામકને તેની જાણ કરીશ.

વિશેષમાં હું જણાવું છું કે (૧) અભ્યાસક્રમ કરવા માટે હું શારિરીક અને માનસિક રીતે યોગ્ય છું. (૨) મારા માં-બાપ અથવા વાલીની વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/- કરતા ઓછી છે અને (૩) હું ગુજરાત રાજ્યનો રહેવાસી છું.

અરજદારની સહી

## : ઉમેદવારને સૂચના :

(૧) અરજીનું ફોર્મ ભરતા પહેલાં ઉમેદવારોએ પોતે પાત્ર છે કે કેમ તે જાણવા માટે ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવાના નિયમો કાળજીપૂર્વક વાંચી જવા.

(૨) આ અરજીનું ફોર્મ ચોક્કસાઇપૂર્વક અને સુવાચ્ય અક્ષરે ભરવું અને બધા જવાબ લીટી કે ટપકાં ભરીને આપવા નહીં. આ ફોર્મ સંસ્થાના વડા મારફતે અથવા હોસ્ટેલમાં રહેતા પોતાની અરજી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને મોકલી શકશે.

(3) ઉમેદવારે અરજી સાથે નીચેના દસ્તાવેજો મોકલવા :

(૧) ટ્રાન્સજેન્ડર જાતિ અંગેનું જિલ્લા મેજીસ્ટ્રેટનું પ્રમાણપત્ર.

(૨) આવકનું પ્રમાણપત્ર

(3) છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ

(૪) ઉમેદવારોને ચેતવણી આપવામાં આવે છે કે અરજી ફોર્મ અધુરૂં હશે કે ખોટું ભરવામાં આવ્યું હશે તો સક્ષમ અધિકારી અરજીનો અસ્વીકાર કરી શકશે અને એના અસ્વીકાર બાબતમાં કોઇ રજૂઆત ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૫) જે ઉમેદવારોને પસંદ કરવામાં આવ્યા નહીં હોય એમને વ્યક્તિગત જાણ કરવામાં આવશે નહીં તેમજ અરજી સ્વીકારવામાં આવી છે કે નહીં તે અંગેના કોઇ પત્ર વ્યવહાર પર ધ્યાન આપવામાં આવશે નહીં.

(૬) બિડાણમાં નીચે મુજબના પ્રમાણપત્રો સામેલ રાખવાના છે :-

(૧) છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ

(૨) ગત વર્ષનો આવકનો દાખલો

(3) ટ્રાન્સજેન્ડર જાતિ અંગેનું જિલ્લા મેજીસ્ટ્રેટનું પ્રમાણપત્ર

(૪) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીના કેસમાં આચાર્યશ્રીના સહી-સિક્કાવાળું અધિકૃત પ્રમાણપત્ર

परिशिष्ट-१

ધો- ૭ થી ૧૦ માં અભ્યાસ કરતાં ટ્રાન્સજેન્ડર જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ આપવાની યોજનાનું

અરજીપત્રક

ભાગ-૧

(ઉમેદવારે ભરવાનું)

૧. પુરેપુરૂ નામ (ચેલા) (મોટા અક્ષરોમાં)

.............................................................................................................................................

૨. જાતિ/પેટા જ્ઞાતિ : ..........................................................................................................

અ- પત્ર વ્યવહારનું સરનામું :

.............................................................................................................................................

.............................................................................................................................................

૩. (ક) તમે ભારતના નાગરિક છો ? : .........................................................................................

(ખ) ગુજરાત રાજ્યના વતની છો ? ..........................................................................................

(ગ) અનુસૂચિત જાતિ/જનજાતિ/બક્ષીપંચ કે અન્ય : ..............................................................

૪. જન્મ તારીખ : ..................................................................................

૫. પિતા/વાલી/ગુરુનું નામ અને સરનામું ..................................................................................

.............................................................................................................................................

.............................................................................................................................................

અરજદારનો વાલી સાથે સંબંધ : ........................................................

વ્યવસાય : ..................................................

સરનામું : ..............................................................................................................................

.............................................................................................................................................

અરજદાર સાથે સંબંધ : ....................................................

૬. માતા, પિતા/વાલી/ગુરુની બંને કુલ માસિક આવક : ..........................................................

૭. છેલ્લી પાસ કરેલ પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી : ..........................................................

૮. આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિ મળી છે ? જો હા, તો રકમ રૂ. ..........................................

જો મળી હોય તો તેની વિગત/વર્ષ : ..........................................................................................

૯. (૧) હાલ જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મેળવવા ઇચ્છતા હોય તે હાલનું ધોરણ :

(૨) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન અભ્યાસક્રમમાં જોડાયાની તારીખ :

(૩) અભ્યાસક્રમ પુરો થવાની તારીખ :

૧૦. બિડેલ દસ્તાવેજો :

(૧)

(૨)

(૩)

હું આથી જાહેર કરૂ છું કે -

૧) ઉપર યોજના હેઠળ માટે રાજ્ય સરકાર તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે તો એ મુદત દરમ્યાન હું બીજા કોઇપણ સ્થળેથી શિક્ષણ ફી માંથી મુક્તિ સિવાય બીજા કોઇ રૂપમાં મળતર, શિષ્યવૃત્તિ વૃત્તિકા કે બીજી કોઇ નાણાંકીય સહાય કે ગ્રાન્ટ સ્વીકારીશ નહી.

અથવા

મને ............................................................... તરફથી રૂ. ........................... ની સહાય મળે છે અને મને શિષ્યવૃત્તિ મળશે તો મને શિષ્યવૃત્તિ ચૂકવવાપાત્ર બનશે એ મહિનાથી મને જ્યાંથી તે મળી રહેશે ત્યાં પાછી આપીશ અને મને શિષ્યવૃત્તિ મળશે તો તે મળતી હશે તે મુદત દરમિયાન ફી ચૂકવવામાં મુક્તિ સિવાય હું કોઇપણ રૂપમાં બીજી કોઇપણ નાણાંકીય સહાય, મળતર શિષ્યવૃત્તિ, વૃત્તિકા કે ગ્રાન્ટ સ્વીકારીશ નહીં.

૨) અરજીમાં જણાવેલી હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે અને જેના પર પસંદગીનો આધાર હોય તેવી કોઇ મહત્વની માહિતી છુપાવી કે દબાવી રાખી નથી.

ઉમેદવારની સહી

કેન્દ્ર/રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારી
સંસદ સભ્ય, વિધાનસભાના સભ્ય, મેજીસ્ટ્રેટ,
શાળા અથવા કોલેજના વડાની સામી સહી.

સ્થળ :

તારીખ :

ઉમેદવાર સગીર હોય તો તેના
વાલીની સહી

**પરિશિષ્ટ-૨**

ભાગ-૨

(સંસ્થાના વડાએ ભરવું)

(૧) ઉમેદવારનું નામ :

(૨) જન્મ તારીખ :

(3) ઉમેદવાર શાળા/કોલેજ/સંસ્થા સાથે સંલગ્ન

હોસ્ટેલમાં રહે છે ? રહેતો હોય તો કઇ તારીખથી ? :

(૪) ૧) સંસ્થા/શાળાનું સરકારી નાણાંની લેવડ દેવડ હોય

તે રાષ્ટ્રીયકૃત બેંકનું નામ તથા શાખા :

૨) જેના નામનો ચેક મોકલવાનો હોય તે અધિકારીનો હોદ્દો :

3) અરજદારે ભાગ-૧માં આપેલી માહિતીની ચકાસણી કરી છે અને તે સાચી જણાઇ છે.

૪) આ સંસ્થા/શાળા ........................................................... બોર્ડ/યુનિવર્સિટી સાથે સંલગ્ન છે,

અને ........................................................... સરકાર માન્ય છે.

સ્થળ : સંસ્થાના વડાની સહી

તારીખ : સંસ્થાના વડાનો સિક્કો

## રાજ્ય સરકારની ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓનો શિષ્યવૃત્તિ આપવાની યોજના મંજુર કરવા માટે માહિતીનું રીન્યુઅલ પત્રક

શાળાનું નામ

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | હાલ ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે. | રહેઠાણનું સરનામું | છેલ્લે પાસ કરેલ ધોરણ અને વર્ષ, મેળવેલ ગુણ અને ટકા | ગત વર્ષની વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક (સર્ટી. સામેલ છે.) | ગત વર્ષમાં વિદ્યાર્થી આપેલ હાજરી અને ટકાવારી | ગત વર્ષમાં શિષ્યવૃત્તિ મંજુર થયાનો જાવક નંબર અને તારીખ | મંજુર થયેલ રકમ | ચુકવાયેલ રકમ | વિદ્યાર્થીને બીજી કોઇ શિષ્યવૃત્તિ મળે છે? કેટલી? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |

નોંધ :- (૧) દરેક શાળાના આચાર્યશ્રીએ તેમના પગાર સેન્ટરના આચાર્યશ્રીને માહિતી પત્રક મોકલી આપવું.

(૨) દર વર્ષે આ નમુનાના પત્રક મુજબ તૈયાર કરીને પે-સેન્ટરના આચાર્યશ્રી મારફતે સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએ મોકલી આપવું.

પ્રમાણપત્ર :-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત માહિતી શાળાના રેકર્ડ ઉપરથી અને અન્ય દસ્તાવેજો ઉપરથી ખરાઇ કરીને આપવામાં આવેલ છે. વિદ્યાર્થીઓની હાજરી નિયમીત છે અને અભ્યાસ સંતોષકારક છે. આ વિદ્યાર્થીઓને બીજી કોઇ યોજના હેઠળ લાભ મળેલ નથી. તેમજ અન્ય કોઇ વિગત રજુ કરવાની બાકી નથી.

આચાર્યશ્રીના સહી સિક્કા